સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

અનુભવી ખેડૂ ને જ્ઞાન આપવું વ્યર્થ છે,
ઉપયોગી થતી નથી કૃષિ-કીટ, વ્યર્થ છે,
વ્યર્થ પેઠું'તું, 'કૃષિ-મેળા'નું હતું લકડું -
મોડે મોડે સમજાયું કૃષિ-રથ વ્યર્થ છે..
(હિંમત દર્શાવવા બદલ ધન્યવાદ)

હાઈકુ

સાચવવા છે
અદાણી - અંબાણીને -
કેન્દ્રમાં પણ..

પેઠી છે ચિંતા -
ઉત્સવો ને મેળાની -,
ખાલી ખજાનો..

(ગુજરાત મોડેલ)(સ્પોન્સર્સની નજર કેન્દ્ર પર)

ચિંતન

તૃષ્ણાં ચેહ પરિત્યજય કો દરિદ્રઃ ક ઇશ્વરઃ ।
તસ્યાશ્ચેત્પ્રસરો દત્તો દાસ્યં ચ શિરસિ સ્થિતમ્ ॥

'આ સંસાર-વ્યવહારમાં જો તમે તૃષ્ણા-ઇચ્છાઓનો ત્યાગ કરી શકો તો પછી દરિદ્ર કોણ અને ધનવાન કોણ? પરંતુ જો તૃષ્ણાને તક આપો તો - પછી દરિદ્ર હોય કે ધનવાન બધા તેના ગુલામ જ થઇ જાય છે.'

માણસની જરૂરિયાત જીવનમાં ખૂબ જ ઓછી છે બે સમય હળવું ભોજન મળે પછી બીજું શું જોઇએ નિંદ્રા તો માણસને કોઇ પણ જગ્યાએ આવી જ જાય તન અને મન સાફ હોય તો નિંદ્રા નો પગરવ થાય જ છે.

સાચા સંતો ને લંગોટ અને એક વૃક્ષનો છાંયડો - એના સિવાય કંઇ જ જરુર પડતી નથી. સંતોષમાં જ સાચું સુખ અને પરમશાંતિ છે. સંતોષી ને ગરીબી ક્યાં નડે? જે સમયસર મળ્યું એમાં જ 'આનંદ' માણનાર માણસને ધનનો અભાવ કદી પણ નડતો નથી.

બાકી તૃષ્ણા-મોહ હોય તો ગમે તેટલો ધનવાન હોય એને કોઇ પણ બાબતનો 'અભાવ' સતાવે છે અને દુઃખી કરે નાખે છે. ગરીબીમાં પણ જો સંતોષ ન હોય તો વધારે સંતાપ થાય છે. સંતોષ શ્રેષ્ઠ સંપત્તિ છે.

સુવિચાર

- હાથ બાંધે ક્યું ખડે હો તકદીર કે સામને.. હાદસે કુછ ભી નહીં હોંસલો કે સામને..
  - અહમદ રામપુરી
- મુશ્કેલીઓના પ્રકાર કેટલા? એની પ્રશ્ન કુંડળી માંડવાનો પણ અર્થ નથી, અંતે તો પ્રશ્નો ઉત્તર વિના અનાથ બાળકની જેમ રઝળતા હોય છે - ચંદ્રકાન્ત બક્ષી
- મરણનો વિચાર ભલે આવે પણ એને કારણે ઊંઘ હરામ થઇ નથી, મરણ મારતું નથી એટલો મરણનો ભય મારે છે.. - નવનીત
- શ્રદ્ધાળુ માણસ કોને કહેવાય જયારે મૃત્યુ આવે ત્યારે હોઠ પર સ્મિત હોય એ માણસને શ્રદ્ધાળુ કહી શકાય - ઓશો
- માણસ પાસે નખ છે પણ એ નખને ન્હોર થતા વાર નથી લાગતી, માણસ જયારે પશુની જેમ વર્તે છે ત્યારે એ પશુ કરતાં પણ હિંસક થઇ જાય છે - ઝેન કથન
- માછલી જાણતી હોય કે પાણી કરતાં દૂધ વધારે કિંમતી છે અને જો એ પાણીને છોડીને દૂધમાં જીવવાનો વિચાર કરે તો એ તરફડીયા મારીને મરી જ જાય - એસ. ભટ્ટાચાર્ય
- અવાજના વમળમાં અટવાઇ જવાને બદલે જો માણસ મૌન ના કેન્દ્રમાં વસે તો ક્યારેક એને નાદ સૌંદર્યનો આત્મીય અનુભવ થાય છે - રમણ મહર્ષિ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણા મન અને શરીરમાં અપાર શક્તિ ભરી છે પણ નબળું મનોબળ અને આળશ આપણી નિર્ણયશક્તિ - બે કુંઠિત કરી નાખે છે. 'મને ન આવડે', 'મારાથી આ ન થાય'ની બચાવ પ્રયુક્તિથી આપણાં નબળાં મનોબળને આળશનો બુરખો પહેરાવીએ છીએ.

સવારે ફરવા નિકળતા માણસે રસ્તામાં એક ઇંડુ પડેલું જોયું. આસપાસ જોયું તો એક મરઘી પોતાના ઇંડા સેવતી હતી. એટલે આ ઇંડું મરઘીનું જ હશે એમ સમજી એનાં ઇંડા સાથે મૂકી દીધું.. ખરેખર તો એ ઇંડુ પક્ષીરાજ ગરુડનું હતું...

બચ્ચાં થયા. ગરુડનું બચ્ચું પણ ચકચક કરી દાણા ચરતું અને જમીન પર બે પગે ચાલતું. મરઘાંની ભાષા-બોલચાલ-વર્તન બધું જ ગરુડ શીખ્યું. એણે કદી પાંખ ફફળાવી જ નહીં. માત્ર નાના નાના કૂદકા મારી એ મરઘાંની ટોળીમાં જ રહ્યું - ઉછર્યું - અને એમાં જ મૃત્યુ પામ્યું.

ગરુડની અપાર વેધક દૃષ્ટિ અને ઉડ્ડયન શક્તિનો એ બચ્ચાંએ કદી ઉપયોગ જ ન કર્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

આજે વિશ્વ પુસ્તકદિન ઉજવાશે

પ્રસંગસર

- જિતેન્દ્ર વી. શાહ

માહિતી, મનોરંજન અને જ્ઞાન માટેનાં આમ તો આપણી પાસે ઘણા સાધનો છે, પણ તેમાં પુસ્તકની બરોબરી કરી શકે એવું બીજું કોઇ ભાગ્યે જ છે. મુદ્રણ પહેલાનાં જમાનામાં જયારે માત્ર હસ્તપ્રતો હતી ત્યારે માહિતી, મનોરંજન અને જ્ઞાન પર એક નાનકડાં વર્ગનો જ એકહથ્થુ ઇજારો હતો. માત્ર આપણા દેશમાં જ નહીં, બધા જ દેશોમાં મુદ્રને પગલે પુસ્તકો, વર્તમાનપત્રો અને સામયિકો આવ્યા અને તેમણે માહિતી, મનોરંજન અને જ્ઞાનનું લોકશાહીકરણ કરી નાખ્યું. આથી જ મનુષ્યની ઉત્ક્રાંતિનાં ઇતિહાસમાં પુસ્તક એ એક અગત્યનું સીમાચિહ્ન બની રહે છે.

પુસ્તકનાં આવા મહત્ત્વને ધ્યાનમાં રાખીને યુનેસ્કો તરફથી દર વર્ષે ૨૩મી એપ્રિલે 'વર્લ્ડ બુક એન્ડ કોપીરાઇટ ડે' ઊજવવામાં આવે છે જો કે એની શરુઆત તો છેક ઇ.સ. ૧૯૨૩માં સ્પેનમાં થયેલી. પણ યુનેસ્કોએ આ દિવસ ઉજવવાનું તો ઇ.સ. ૧૯૯૫થી શરુ કર્યું. સ્પેનમાં ૨૩મી એપ્રિલનો દિવસ એટલે 'સેન્ટ જયોર્જિસ ડે' ૨૩મી એપ્રિલ એટલે સ્પેનનાં મહાન કથાકાર, ડોન કિહોટેના સર્જન સર્વાન્ટિસની મૃત્યુતીથિ. એ દિવસે વર્ષોથી યુવાન પુરુષો પોતાની પ્રેમિકાઓને રાતુ ગુલાબ ભેટ આપે એવો રિવાજ, ઇ.સ.૧૯૨૫માં સ્પેનના કેટેલોનિયાના પુસ્તક પ્રકાશકને એક તુક્કો સુઝ્યો, યુવતીઓને યુવાનોને સામી ભેટ આપવી ન જોઇએ? પણ શું આપે? તો કહે પુસ્તક આપે? અને જુવાનિયાને એ વાત ગમી ગઇ, બસ ત્યારથી ૨૩મી એપ્રિલ યુવતીઓ, પ્રેમીઓને પુસ્તક આપે એવો રિવાજ આખા સ્પેનમાં ફેલાઇ ગયો.

હવે યુનેસ્કો આ દિવસ ઉજવીને પુસ્તકોનું અને લેખકોનું સન્માન કરે છે અને કોપીરાઇટનાં કાયદાનું મહત્ત્વ સૌને સમજાવવા પ્રયત્ન કરે છે.

આજે પુસ્તકોનો સર્વસંગ્રહ છે. જેને આપણે પુસ્તકાલય કહીએ છીએ, એ શિક્ષણને માટે કંઇ કમ સાધન છે? ખરું પૂછો તો એ એક સાર્વભૌમ સાર્વકાલિક નગર છે. ત્યાં પૃથ્વીનાં બધાં દેશનાં અને બધાં કળનાં જ્ઞાનીઓ, કવિઓ અને ઋષિઓ સૌ સાથે વાત કરે છે. અહીં ગૌતમને અને વ્યાસને ભેગા વસતા કસો વિવાદ નથી, વેદાંતની પાસે ન્યાયની સમાનભાવે રહે છે. અહીં મહમદના કુરાનની સાથે હિંદુઓનો વેદ રહે છે. ચીનનાં મહાન કોન્ફયુશિયસની સાથે ખ્રિસ્તીઓનું બાઇલલ રહે છે. કોઇની સાથે કોઇનો વિરોધ નથી...

મનુષ્ય માત્ર ખોરાક માટે જ નથી જીવતો પણ પોતાના જીવનને ઊંચા શિખર પર પહોંચાડવા માટે આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા અથાગ પ્રયાસ કરે છે. દરેક મનુષ્યનું ધ્યેય એવું હોવું જોઇએ જે સુસંસ્કૃત અને સમૃદ્ધ જીવન મૂળભૂત ઉદ્દેશો દ્વારા ગ્રંથાલયમાંથી ખૂબ સરળતાથી મેળવી શકે તેવા પ્રયાસો ગ્રંથાલયે કરવા જોઇએ. કોઇ પણ રાષ્ટ્રની સંસ્કૃતિનાં ઘડતરમાં પુસ્તકો અને ગ્રંથાલયો અગત્યનો ભાગ ભજવે છે અને તેના સુખ-દુઃખનો સાથીદાર છે. એટલે જ કહેવાય છે કે, ક્યારેક સારું પુસ્તક પણ માનવીનું જીવન બદલી નાખવામાં ઘણું મદદરુપ થાય છે.

આંગણામાં ઝાડ અને ઘરનાં ઓરડામાં થોડાંક પુસ્તકો, ઘર માટીનું ને લીપેલું હશે તોય ચાલશે બલકે મજા આવશે, ઘરની બહાર નીકળીએ ને ઝાડ હોય તો જાણે આપણે અલખની લીલાની સન્મુખ હોઇએ છીએ... ઘરમાં પેસીએ, પાણી પીએ અને બેસીએ.... ત્યાં સામે પુસ્તક દેખાય એન ઘડીકમાં હાથમાં લિએ, એ પાનાં વાંચીએ અને પામીએ છીએ પરંપરાને, માનવજાતને એના મનને..! આપણે માનવ સંસ્કૃતિનાં પરિસરમાં આપણને જીવતા જાગતાં અનુભવીએ છીએ.. વૃક્ષ અને પુસ્તક! યાદ આવે છે એ ઋષિકુળો - ગુરુકુળો? જયાં વૃક્ષો નીચે વિદ્યાજ્ઞાનની ઉપાસના થતી હતી.

પુસ્તક પોતે સત્તા છે - શક્તિ છે - પાવરફુલ મિડિયા છે, સિનેમા, સમાચારપત્રો, રેડિયો, દૂરદર્શન પણ પુસ્તકને હટાવી શક્યા નથી. બલકે એમને પુસ્તકની જરુર પડે છે. કોમ્પ્યુટર પણ પુસ્તકોને માત નહીં કરી શકે. પુસ્તક ઘણું સગવડભર્યું છે બધે લઇ જઇ શકાય, તે મન ફાવે ત્યારે વાંચી શકાય.

આજે જ્ઞાનનાં સ્ત્રોત બધાં જ ગ્રંથોમાં ગોઠવાઇ ગયેલ છે એને ઉકેલવા પુસ્તકો ખોળામાં લેવા જ રહ્યાં! વ્હાલાં બાળકની જેમ પુસ્તક પણ હાથમાં ને ખોળામાં હોવું જોઇએ. પુસ્તકો તમને દેશકાળના સીમાડાઓની પાર લઇ જાય છે... અનેક બિરાદરીઓમાં યાત્રા કરાવતાં સાહિત્યનાં પુસ્તકોની તો દુનિયા જ ન્યારી છે. માનવજીવન અને માનવમનની બધી ગલીકૂચીઓ પુસ્તકો વાંચનારની સામે ખુલી જાય છે.

પુસ્તક એ બહુમૂલ્ય સામગ્રી છે, એ માનવીના મન બદલી શકે છે, ક્રાંતિ લાવી શકે છે, પરિવર્તન માટે આબોહવા તૈયાર કરે છે. ૧૯મી સદીમાં કાર્લ માર્કસ અને એન્ગેલ્સે એક નાનકડો 'મેનિ ફેસ્ટો' ઘોષણાપત્ર બહાર પાડ્યો એનું નામ 'કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો' શરુઆતનું વાક્ય છે 'આખાય યુરોપમાં એક વેતાલ ફરી રહ્યો છે. સામ્યવાદનો વેતાલ' એનું છેલ્લું વાક્ય હતું, 'વિશ્વમાં કામદારો, એક થાવ, તમારે તમારી બેડીઓ સિવાય કશુંય ગુમાવવાનું નથી.' આ નાનકડાં ઘોષણાપત્રે જગતનું રાજકારણ, સમાજકારણ ને ધર્મકારણ ધરમૂળથી બદલી નાખ્યું. મેનિફેસ્ટોનાં વિસ્તૃતરુપ જેવા પુસ્તકો 'દાસ કેપિટલે' આખીએ ૨૦મી સદી ડહોળીને ડખોળી નાખી. સમાજવાદ આવ્યો, મૂડીવાડે પણ સામ્યવાદનાં સિદ્ધાંતો અપનાવવો પડ્યા.

ગાંધીજી આફ્રિકામાં બીજે ગામ જવા નીકળ્યા હતા. સ્ટેશન પર મિત્ર પાદરીએ એક પુસ્તક આપ્યું. ટ્રેનમાં તેમણે તે પુસ્તક વાંચ્યું. પુસ્તક હતું રસ્કીનનું 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તકમાં ગાંધીજીમાં એવું પરિવર્તન આવ્યું કે જીવન અને લડતમાં મોટો વળાંક આવ્યો. એ નાનકડાં પુસ્તકે ગાંધીજી પર ભારે પ્રભાવ પાડ્યો. આમ પુસ્તકો આપણને શિક્ષિત અને દિક્ષિત કરતાં રહે છે અને તેથી જ ગ્રંથને ગુરુનો - દેવનો દરજ્જો આપવામાં આવ્યો છે.

'પુસ્તકો' એટલે જ્ઞાનનો અખૂટ ખજાનો. 'જ્ઞાન' એટલે 'સૃષ્ટિનો સર્વોત્તમ પ્રકાશ' વિજ્ઞાન - સંસ્કૃતિ - સંસ્કારનો ત્રિવેણી સંગમ એટલે 'જ્ઞાન' અને જ્ઞાનની 'ગંગોત્રી' એટલે 'પુસ્તકો.' જ્ઞાનની પાવન મંદાકિનીમાં સ્નાન કરતો વિશ્વ સ્વામી રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ-સુખ-શાંતિ અને સંસ્કારનો સ્વામી અચૂક બને જ છે. આવા જ્ઞાનનાં પ્રવેશદ્વાર સમા પુસ્તકો ખરેખર સર્વાંગી સુખની 'જડીબુટ્ટી' સમા છે.

'ટોમસ કાર્લાઇલે પુસ્તકોની ઉપયોગીતા વિશે એક માર્મિક વાત કરી છે તમને જહાજની જરુર હોય તો પુસ્તક તમને તે કઇ રીતે બનાવવું તે શીખવી શકે છે. પણ તમે જહાજ ન બનાવી શકો તો પુસ્તકનું પાનું ફાડી હોડી જરુર બનાવી શકો.'

એક સંતે કહ્યું છે, ''એક યુવાન સતત સારું વાંચે છે, પણ દુર્ભાગ્યે નોકરી નથી મળતી તોય તેને કન્યા આપવાનું બીડું ઝડપે છે. કારણ કે પુસ્તકોનો રાંગી એ યુવાન આફુસ કેરીની કમ જેવો છે જે આજે નહીં તો આવતીકાલે મીઠાં ફળ આપવાની પુરી શક્યતા ધરાવે છે.''

પુસ્તકો એ જીવન આકાશમાં તારલાં છે. જીવનપંથની પગદંડી છે. જીવનનો રાહ દર્શાવનાર 'રાહબર' છે. પુસ્તકો વાંચી કુમાર્ગે ચઢી ગયેલાં માનવો સુમાર્ગે અચૂક વળી જાય છે. કેટલાયની જિંદગીની દિશા બદલાઇ જાય છે. પુસ્તકો દ્વારા આપણે વેદ, ઉપનિષદનાં સંસ્કૃતિ કાળમાં જઇ શકીએ છીએ. મર્યાદા પુરુષોત્તમ રામ, ગીતા, ગાયક, શ્રીકૃષ્ણ, રહીમ, નાનક, મહાવીર અને વિશ્વનાં ધર્મોના મહામાનવોનાં જીવનચરિત્રો, અમૃતવચનો અને જ્ઞાનની સરવાણી પુસ્તકો વિના ક્યાંથી સુલભ બને?

પુસ્તકો ના હોત તો સદ્દામ હુસેનની યુદ્ધલક્ષી બેવુકફીની જાણ ભાવિ પેઢીને શી રીતે થઇ શકી હોત? પુસ્તકો ના હોત તો આઝાદીના ઇતિહાસની ગાથા નવી પેઢીને ક્યાંથી જાણવા મળત? સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નહેરુ કે ડૉ. બાબાસાહેબ આંબેડકરને નવી પેઢી જોઇ શકી નથી પણ 'પુસ્તકો' દ્વારા જાણી સમજી શકી છે.

પુસ્તકો માનવ સંસ્કૃતિની બેટરી છે, દીવાદાંડી અને પથ-પ્રદર્શક છે. 'ધન-વૈભવ' નાં વારસા કરતાં 'સંસ્કૃત - વિદ્યા' નો વારસો અતિ ઉત્તમ છે અને આ વારસો 'પુસ્તકો' થકી જ આપી શકાય છે.

પુસ્તકોનું વાંચન વિદ્યાર્થી - આલમ માટે તો ઝળહળતી કારકિર્દીનું 'પ્રથમ સોપાન' છે. પુસ્તકોનો વાંચનથી શબ્દભંડોળ તો વધે જ છે, પણ સાથે 'મૌલિકતા' નો ગુણ પણ વિકસે છે. આંતરિક શક્તિ ખીલે છે અને એમાંથી કયારેક સર્જાય છે કવિ- લેખક, સાહિત્યકાર, વૈજ્ઞાનિક અને રાજનીતિજ્ઞ.

પુસ્કો કટોકટીના સમયે મનુષ્યનો 'સાચુકલાં સાથી' બનીને પડખે ઊભા રહે છે. એટલે જ એક વિદ્વાને કહ્યું છે, **"Books are your never failing Friends"** કાકા કાલેલકરે કહ્યું છે, 'પુસ્તક એટલે વ્યક્તિના વિચારોનું વસિયતનામું અને લેખકનાં દિલના દસ્તાવેજ.'

અત્યાર સુધીમાં જે કાંઇ શોધાયું. માનવજાતને મળ્યું. તેની માહિતી પુસ્તકોમાંથી મળી રહે છે. પુસ્તકોમાંથી ઉત્તમ ભાવનાઓ અને વિચારો આપણા મનને પુલકિત કરે છે, સત્કર્મ તરફ દોરે છે. સારું વાંચન આપણને સારી રીતે વિચારતાં અને વર્તન કરતાં કરવામાં સહાયભૂત નીવડે છે. એ ડહોળાયેલા મનને સ્થિર કરે છે. સમજણનાં દ્વાર ખોલી આપે છે. સારી વૃત્તિઓને વિસ્તારે છે. ચિત્તની શુદ્ધિ કરે છે. પુસ્તકોના માધ્યમથી આપણે આપણી સંસ્કૃતિનો પાયા સમાન હાલરડાં, પ્રભાતિયાં, જ્ઞાનસભર ગીતો, ભાવસભર કાવ્યો, બોધપ્રદ વાર્તાઓ, રાષ્ટ્રભક્તિની કથાઓ તેમજ ત્યાગ ભર્યા અનુકરણીય ચરિત્રોના પરિચયમાં આવીએ છીએ અને સદ્‌ગુણોને ધીમે-ધીમે આત્મસાત કરતાં જઇએ છીએ, આથી જ રિચાર્ડ ડી. બરીએ કહ્યું કે 'પુસ્તકો એ એવા શિક્ષકો છે જે માર્યા વિના, કડવા શબ્દો કહ્યા વગર શિક્ષણ આપે છે.' પુસ્તકાલયોને આધુનિક યુગમાં મોટા પવિત્ર દેવાલય સાથે સરખાવી શકાય.

ક્રિસ્ટોફર મોરેલ નામના લેખક જણાવે છે કે, 'તમે જયારે કોઇ વ્યક્તિને એક પુસ્તક વેચો છો ત્યારે માત્ર કાગળનો એક જથ્થો, શાહી અને તેમાં રહેલો ગુંદર નથી વેચતા, પરંતુ તેને એક આખું જીવન વેચો છો.' રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ વાંચન અને જ્ઞાન અંગે જણાવ્યું છે કે, 'એવી રીતે જીવો જાણે કે તમે આવતીકાલે મરી જવાના છો, શીખો એવી રીતે જાણે કે તમે અમર રહેવાના છો.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

કુપોષણ નિવારણ માટેનું દેશવ્યાપી જન આંદોલન ગુજરાતમાંથી શરૂ થઈ ચૂક્યું છે

રાજકાજ

- રાજલ રાજેન્દ્ર રાવલ

એક વર્ષના વિપુલની આંખોમાં તેની મા માલિશ કર્યા પછી કાજલ લગાવવાનું ભુલતી નથી. વિપુલને છીંક આવે તો પણ તેની મા આખા શરીર ઉપરથી મીઠું અને મરચું ઉતારી ફેરવીને નજર ઉતારે છે. તેને ડર છે કે પોતાના લાડલાને નજર ના લાગે. બિહારના વૈશાલી જિલ્લાના થીરાપુર ગામમાં રહેનારો વિપુલ સંપન્ન પરિવારનો બાળક છે. જેને સમયસર દૂધ-પૌષ્ટિક આહાર સાથે સ્વચ્છતાપૂર્વક જાળવણી થાય છે. બરાબર ધ્યાન રાખવામાં આવે છે. આટલી કાળજી અને સાવધાની હોવા છતાં વિપુલને કુપોષણનો શિકાર બનવું પડયું છે. ભારતમાં કુપોષણ અભિશાપ છે, જેમ પોલિયા માટે દેશભરમાં ખાસ આંદોલન ચલાવવામાં આવ્યું તેવી જ રીતે કુપોષણ માટે પણ દેશભરમાં લોક આંદોલનની જરૂરિયાત છે.

આ માત્ર વિપુલની વાત નથી પરંતુ પાંચ વર્ષની ઉમર થતાં સુધીમાં લગભગ ૬.૫ કરોડ ભારતીય બાળકો કુપોષણનો શિકાર બને છે. જેમાંથી એક તૃતિયાંશ બાળકો સમૃધ્ધ-સંપન્ન પરિવારોનાં છે. રાહુલનું ઘર ખાધે-પીધે સુખી છે-સુખી ખેડૂતનો પુત્ર છે. જેના ઘરમાં ઘઉં અને અનાજના ભંડાર છે. બિહારના સમૃધ્ધ પરિવારો પૈકીના એક સુખી પરિવારનો વિપુલ દીકરો છે. વિપુલ માટે સંપૂર્ણ સુવિધા અને પૌષ્ટિક આહારની સગવડ હોવા છતાં તેનું કુપોષિત હોવું અનેક પ્રશ્નાર્થો ખડા કરે છે.

કુપોષણ એ સરકારી કે રાજકીય સમસ્યા નથી, કુપોષણ અંગે અને તેની કામગીરી અંગે જે રીતે રાજકીય નિવેદનબાજી થાય છે અને એક બીજા પર કામગીરી માટે આક્ષેપબાજી થાય છે તે નિંદનીય છે. ભડકાઉ આંકડાઓ અને કુપોષણ અંગેની કામગીરી માટે તંત્રની નિંદા થાય છે, તેમાં થોડી ઉતાવળ થાય છે. કુપોષણના મુદ્દે રાજનિતિ થાય છે તે પણ શરમજનક છે.

ગુજરાતમાં કુપોષણ નિવારણ અંગેની સ્થિતિ ચિંતાજનક છે. સરકાર કુપોષણ નિવારણના નિષ્ફળ છે-ગુજરાતમાં દર ત્રીજુ બાળક કુપોષિત છે. મહાનગરોમાં કુપોષણ નિવારણની કામગીરી બરાબર થતી નથી, ગુજરાતમાં જ નહિ ગુજરાત બહાર, વિદેશમાં ગુજરાતમાં કુપોષણ અને તેની કામગીરીની જે રીતે નિંદા કરાવવામાં આવે છે ચેમાં ક્યાંક રાજનિતિ છે. તો ક્યાંક વિધિવત અપપ્રચાર. આંતરરાષ્ટ્રીય ખાધનિતિ અંગેની સંસ્થા (આઈ.એફ.પી.આર.આઈ.) એ જે આંકડા પ્રગટ કર્યા છે તેમાં તો દુનિયાભરમાં ભૂખમરાનો શિકાર બનેલા લોકોની ૨૫ ટકાથી વધારે વસ્તી ભારતની દર્શાવવામાં આવી છે.

રીપોર્ટમાં જણાવ્યાનુસાર ૧૯૯૬ થી ૨૦૦૧ સુધીમાં ભારત સરકારે આ દિશામાં સુધારો લાવવા માટે સંકેતો પ્રસ્તુત કર્યા પણ પ્રયાસો બરાબર થયા નથી. હમણાં એટલે કે, ૨૦૧૨ માં ૧૨૦ દેશોની એક યાદી પ્રગટ થઈ ગ્લોબલ હંગર ઈન્ડેક્ષ-(વૈશ્વિક ભૂખમરાવાળા દેશોની) જેમાં ભારત ૬૩ માં સ્થાને છે. કુપોષણ નિવારણના મામલે બાંગ્લાદેશ, પાકિસ્તાન, ચીનથી પણ ભારત પાછળ છે. શ્રીલંકા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ જેવા નાના નાના દેશો ભારત કરતાં વધારે સારું પ્રદર્શન અને પ્રયાસ કરે છે. અર્થાત કુપોષણને મુદ્દે સમગ્ર ભારતની સ્થિતિ ચિંતાજનક છે. ત્યારે માત્ર ગુજરાતના જ આંકડા રજૂ કરીને જે એજન્સીઓ કુપોષણ જેવી વૈશ્વિક ચિંતા માટે મદદ કરવાને બદલે સહાયક બનવાને બદલે માત્ર ગુજરાત સરકાર પર દોષના ટોપલા ઢોળે છે. તેમણે ક્યારેય આ વાતની ખબર છે ?

સંયુક્ત આંતરરાષ્ટ્રીય બાલ સંસ્થાન સાથે કામ કરનારા કુપોષણ અંગેના આંતરરાષ્ટ્રીય વિશેષજ્ઞ ડૉ. માઈકલ ગોલ્ડનના જણાવ્યા અનુસાર ભારતમાં લગભગ ૬.૫ કરોડ બાળકો કુપોષણ ગ્રસ્ત છે. કુપોષણનો શિકાર થતાં મહત્તમ બાળકો મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં છે. આ ત્રણ રાજ્યોમાં સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે પણ પરિણામ પ્રાપ્ત થયું નથી. ક્યારેય તમે આવાં ત્રણ રાજ્યોની કુપોષણ અંગેની માહિતી જાણી છે ? આ રાજ્યોની ચિંતા કરી છે ખરી ?

યુનિસેફના પોષણ સંબંધિત પ્રશ્નોના પ્રમુખ ડૉ. વિકયુર અનુઆયોના મતે ૨૦૦૫-૦૬ માં ભારતની અંદર કુપોષિત બાળકોની સંખ્યાનું પ્રમાણ ૪૬ ટકા હતું. કુપોષણના કારણે ૬ કરોડ બાળકોનો વિકાસ અટકી ગયો છે અને બે કરોડ બાળકો જીવતી લાશની જેમ જીવન જીવે છે. દરેક પંચવર્ષીય યોજનામાં કુપોષણ નિવારણ માટે અઢળક ફંડ ફાળવવામાં આવે છે. બાળકોના કુપોષણના મુદ્દે દિલ્હી, મિઝોરમમાં ચિંતાજનક સ્થિતિ છે. દિલ્હીમાં ૫૦ ટકા બાળકો અને મિઝોરમમાં ૨૩ ટકા બાળકો કુપોષિત છે. દિલ્હીમાં મોટાપાનું કુપોષણ છે. દરેક રાજ્ય કુપોષણની સમસ્યાથી ચિંતિત છે.

કુપોષણના નિવારણ માટે કોઈ રાજ્યની સરકારને દોષ દેવો કે સરકારી તંત્રને દોષ દેવો, ખોટા ભડકાઉ આંકડા રજૂ કરીને લોકમાં ભ્રમ ઉભો કરનારા કહેવાતા બૌધ્ધિકો-ચિંતકો અને કુપોષણ નિવારણ માટે સામાજિક લોક આંદોલન શરૂ કરવું જોઈએ. કુપોષણ એ કોઈ રાજકીય કે પ્રશાસનિક સમસ્યા નથી. હમણાં દિલ્હીથી પ્રગટ થતાં એક અંગ્રેજી સામયિકે

ગુજરાતમાં કુપોષણની શહેરી વિસ્તારની કામગીરી અંગેના જે આંકડા પ્રગટ થયા છે તે જાણીને અચરજ થયું ! ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર-દિલ્હી છોડીને આ વિવેચકે ગુજરાતની જે ચિંતા કરી તે. મને થોડી ભ્રામક લાગી એટલે એ આંકડાઓની સમીક્ષા કરી-તંત્ર સાથે વાત કરી સાચા આંકડા મેળવ્યા ત્યારે ખૂબ જ દુઃખ થયું ! કુપોષણના મુદ્દે પણ ગુજરાતની બદનામી ? દેશભરમાં કન્યા ભ્રુણ હત્યા અટકાવવાનું જન આંદોલન ગુજરાતમાંથી શરૂ થયેલું બેટી બચાવોનું લોક આંદોલન ગુજરાતમાંથી શરૂ થયું અને એક વાત એ પણ દીવા જેવી છે કે કુપોષણ નિવારણનું દેશવ્યાપી લોક આંદોલન પણ જ્યારે ત્યારે ગુજરાતમાંથી જ શરૂ થશે. મહિલા અને બાળ વિકાસ વિભાગ આ અંગે સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. ગુજરાત સરકારે ૧૯૯૭ થી ૨૦૧૪ સુધી કુપોષણ નિવારણ માટે સદી-સવાયા પ્રયાસો કર્યા છે. સમગ્ર રાજ્યમાં જન ભાગીદારી અને લોકોને આ સમસ્યાથી સાવધાન રહેવા માટે અનેકવિધ કાર્યક્રમો યોજાયા છે. ગુજરાત અવ્વલ એટલે માટે છે કે ૧૯૯૭ પહેલાં રાજ્ય સરકાર પાસે કુપોષણ નિવારણ માટેનું કોઈ વહીવટી તંત્ર જ નહોતું. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સદી-સવાયા પ્રયાસો થયા છે. કુપોષણ નિવારણ માટે જે અપપ્રચાર થાય છે તેનો જવાબ કંઈક આવો છે.

આઈસીડીએસ યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોનું દર માસે વજન કરવામાં આવે છે. તેમજ ઉઝૅંના ગ્રોથ મોનીટરીંગ ચાર્ટને આધારે પોષણ સ્તર નક્કી કરવામાં આવે છે, જે આધારે હાલમાં ગુજરાત રાજ્યમાં જૂન-૨૦૧૪ અંતિત ઓછા અને અતિઓછા વજન બાળકોનું પ્રમાણ ૧૭.૭૫% છે, અગાઉ વર્ષ માર્ચ-૨૦૦૭ માં ઓછા અને અતિઓછા વજન વાળા બાળકોનું પ્રમાણ ૬૩.૬૧% હતું. આમ છેલ્લા સાત વર્ષમાં ઓછા અને અતિઓછા બાળકોનું પ્રમાણ ૪૫.૮૬% ઘટેલ છે.

ગુજરાતમાં, આઈસીડીએસ માસિક પ્રગતિ અહેવાલ જુન-૨૦૧૪ મુજબ અર્બન વિસ્તારમાં કુલ ઓછા વજન વાળા બાળકોનું પ્રમાણ ૨૨.૮૨% છે. જ્યારે ૨૦૧૦ માં કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૪૯.૭૪ હતું. આમ છેલ્લા પાંચ વર્ષમાં અર્બન વિસ્તારમાં કુલ ઓછા વજનવાળા બાળકોને પ્રમાણમાં ૨૬.૯૨ ટકા ઘટેલ છે.

● અમદાવાદના અર્બન વિસ્તારમાં ૨૦૧૦ માં કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૪૨.૪૩ ટકા હતું. જ્યારે માસિકપ્રગતિ અહેવાલ જુન ૨૦૧૪ પ્રમાણે કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૨૫.૧૭ ટકા છે. આમ ૫ વર્ષમાં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૧૬.૫૨ ટકા ઘટેલ છે.

● વડોદરાના અર્બન વિસ્તારમાં ૨૦૧૦ માં કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૫૪.૩૯ ટકા હતું. જ્યારે માસિકપ્રગતિ અહેવાલ જુન ૨૦૧૪ પ્રમાણે કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૨૬.૮૫ ટકા છે. આમ ૫ વર્ષમાં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૨૭.૫૪ ટકા ઘટેલ છે.

● રાજકોટના અર્બન વિસ્તારમાં ૨૦૧૦ માં કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૫૬.૪૭ ટકા હતું. જ્યારે માસિકપ્રગતિ અહેવાલ જુન ૨૦૧૪ પ્રમાણે કુલ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૧૮.૫૮ ટકા છે. આમ ૫ વર્ષમાં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૩૭.૮૯ ટકા ઘટેલ છે.

વધુમાં જણાવવાનું કે અર્બન વિસ્તારમાં વધુ વસ્તી હોવાથી અને વધારે પ્રમાણ સ્થળાંતર થવાથી કુપોષણનું પ્રમાણ અર્બન વિસ્તારમાં વધારે જોવા મળે છે. તે છતાં કુલ ઓછા વજનવાળા બાળકોના પ્રમાણમાં ઘટાડો જોવા મળેલ છે.

આઈસીડીએસ સ્કીમના